ગાંધીનગર સમાચાર

# તલોદ-મજરા માર્ગ પર ગોઝારો અકસ્માત : ચારના મોત





પ્રાંતિજ, તા. ૧૭ તલોદ મજરા માર્ગ પર પુનાદરા પાસે આજે સવારે પુરપાટ ઝડપે દોડી આવતી દારૂ ભરેલી કારે પેસેન્જર ભરેલી ઓટો રીક્ષાને જોરદાર ટક્કર મારતા રીક્ષા ૩૦ ફૂટ દૂર સુધી ફંગોળાઈ ગઈ હતી. આથી ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં રીક્ષામાં સવાર ચાર મુસાફરોના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા કરૂણ મોત નિપજ્યા હતા. આ મામલે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી છેલ્લા ઘણા સમયથી વિદેશી દારૂની હેરાફેરી વધી રહી છે. આંતરે દિવસે અમદાવાદ, હિંમતનગર દારૂ ભરેલી ગાડી, ટ્રકો પકડવાના બનાવો બની રહ્યા છે. તેમ છતાં પણ દરરોજ બુટલેગરો

## દારૂ ભરેલી કાર અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા વાહનોના ભૂક્કે ભુક્કા બોલી ગયા : દારૂની બોટલો લેવા પડાપડી

ચોરી છુપે ખાનગી વાહનોમાં દારૂની ખેપ મારી રહ્યા છે ત્યારે આજે રાજસ્થાનથી વાયા શામળાજી, મોડાસા અને તલોદ થઈ દારૂ ભરેલી સ્વિફ્ટ કાર નં. જીજે-૧-આર.કે.-૫૫૭૪નો ચાલક પુરપાટ ઝડપે મજરા ચોકડી તરફ આવી રહ્યો હતો. આ દરમિયાન ગિયોડથી તલોદ તરફ જતી મુસાફરો ભરેલી રીક્ષા નં. જીજે-૧૮-એએક્સ-૮૧૨૭ને સામેથી જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે દોડી આવતી કારની ટક્કરથી મુસાફરો ભરેલી રીક્ષાને ટક્કર વાગતા રીક્ષા અંદાજે માર્ગથી ૩૦ ફૂટ દૂર ફંગોળાઈ ગઈ હતી. જ્યારે દારૂ ભરેલી કાર પણ બે - ત્રણ પલટી મારી જતાં રીક્ષા અને સ્વિફ્ટ કારના ભુક્કે ભુક્કા બોલી ગયા હતા. આ અકસ્માતમાં દારૂ ભરેલી કારમાંથી ચારે બાજુ દારૂની રેલમછેલ થતાં આસપાસના ગ્રામજનોએ દારૂની ભારે લૂંટ મચાવી હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં રીક્ષાસવાર એક મહિલા સહિત ત્રણ પુરુષ મળી કુલ ચાર મુસાફરોના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે દારૂ ભરેલી કારનો ચાલક અકસ્માત સર્જી ઘટના સ્થળેથી નાશી છૂટવામાં સફળ રહ્યો હતો. ગાંધીનગર રેન્જ સહિતના જિલ્લામાં પોલીસ સખ્ત કાર્યવાહી કરી દારૂની હેરાફેરી અંગે લગામ લગાવી હોવાના બણગાં ફૂંકી રહી છે ત્યારે આ આવી દારૂ ભરેલી કાર રાજસ્થાનથી તલોદ - મજરા માર્ગ સુધી કોની રહેમનજર હેઠળ પહોંચી તેઓ પ્રશ્નાર્થ છે. આ ઘટના અંગે પ્રાંતિજ પોલીસે ફરાર કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# ઊંઝામાં મિલકત વિરૂદ્ધના ગુનાઓનું સતત વધતુ પ્રમાણ

ઊંઝા, તા. ૧૭ ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે તસ્કરો સક્રિય બનતા ઘરફોડચોરી, વાહનચોરી અને મંદિર ચોરીઓ જેવા મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ વધી જતાં લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યાં છે.

તાજેતરમાં શહેરના કેટલાક વિસ્તારોમાં ચોરીઓના બનાવો બન્યા હતા. જૂની તપાસ હજી ચાલી રહી છે ત્યાં શહેરના પાટણ રોડ પર આવેલ સોસાયટીના બે મકાનોમાં તેમજ વિસનગર રોડ પર પાર્ક કરેલ વાહનમાંથી રોકડ રકમ મળી કુલ બે લાખ ઉપરાંતની મત્તાની ઉઠાંતરી થઈ હોવાના બનાવો બન્યા છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે રોડ પર મારૂતિદર્શન સોસાયટી આવેલ છે. આ સોસાયટીના બે બંધ મકાનોને રાતના સમયે તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. તસ્કરોએ બે મકાનોના તાળાં તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ અંદરથી સોનાના દાગીના, ચાંદીના સિક્કા તેમજ ૧૧,૫૦૦ની રોકડ રકમ મળી કુલ ૫૭,૫૦૦ની મત્તાની ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે અનિલકુમાર પરસોત્તમભાઈ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજા કિસ્સામાં ઊંઝા ખાતે જલારામ પાર્ક સોસાયટીમાં રહેતા સચિનકુમાર શૈલેષભાઈ શાહ સવારના સમયે પોતાની મારૂતિવાનમાં દોઢ લાખ રૂપિયા પર્સમાં મુકીને ધંધાના કામે વેપારીઓને ચુકવવા વાન લઈને વિસનગર રોડ પર વાહન પાર્ક કરી જયઅંબે પેકેજીંગમાં ગયા હતા ત્યારે કોઈ તસ્કરોએ રૂપિયા દોઢ લાખની રોકડ રકમ ભરેલ પાકિટની ઉઠાંતરી કરી હતી.





## ફતેપુર ગામના સોમેશ્વર મહાદેવ મંદિરે ધાર્મિક મહોત્સવ યોજાયો

વડાગામ નજીક આવેલા ફતેપુર ગામમાં સોમેશ્વર મહાદેવના મંદિરે પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે વાર્ષિક મહોત્સવ અને મજુર કલ્યાણ કેન્દ્રનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ ધાર્મિક પર્વે શહેરમાં વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા, સંતો માટે મેળાવડો અને રાસ ગરબા અને ૧૧ કુંડી યજ્ઞ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. કાર્યક્રમમાં સાંસદ દિલીપભાઈ પંડયા, વિજય સોમજી મહારાજ, સત્યનારાયણ પુરીજી મહારાજ, ધારાસભ્ય મહેશભાઈ પટેલ, મુકેશ શ્રીમાળી, માનસંગભાઈ ઉપલાણા વગેરે હાજર રહ્યા હતાં.

# દિયોદરમાં હવસનો શિકાર બનેલી સગીરાએ પાલનપુર સિવિલમાં બાળકીને જન્મ આપ્યો

દિયોદર, તા. ૧૭ બનાસકાંઠા જિલ્લાના દિયોદર પંથકમાં એક સગીરા પર તેના બાજુના ખેતરમાં રહેતા યુવક દ્વારા વારંવાર દુષ્કર્મ કરાતાં સગીરા સગર્ભા બની હતી. જેના પગલે સગીરાને ગર્ભ રહી જતા આજે પાલનપુર સિવિલમાં ૮ માસની બાળકીને જન્મ આપ્યો છે. સમાજમાં લાલબત્તી સમાન ગણાતી આ ઘટનાને પગલે ૮ માસ બાદ આરોપી સામે દિયોદર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદને પગલે દિયોદર વિસ્તારના આ ગામમાં ઠાકોર પરિવાર સગીરા પર વારંવાર દુષ્કર્મ કરાયાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેના પગલે હાલમાં દશ્યમાં દેખાઈ રહેલી આ રડતી બાળકીનો બાપ કોણ એ સળગતો સવાલ બન્યો છે. એક તરફ બાપ પોતે આરોપી છે તેવા સમયે સગીરાએ સિવિલમાં ૮ માસની બાળકીને જન્મ આપ્યો છે. જો કે ૮ માસે જન્મ લેનારી નવજાત માટે બાપનું નામ કોનું લખશે એ યક્ષ પ્રશ્ન બન્યો છે. ત્યારે હાલમાં દીયોદર પોલીસમથકે આ મુદ્દે પોલીસ ફરિયાદ નોંધાઈ છે તેમજ આરોપીને ઝડપી લેવા પ્રયાસ હાથ ધર્યા છે.

### ગુજરાત આવશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને અન્ય અર્ધલશ્કરી દળોના વડાઓ પણ ઉપસ્થિત રહેશે. ગુજરાતમાં આવતીકાલથી કચ્છ ખાતે ડીજીપી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે જે ત્રણ દિવસ સુધી ચાલશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આમા ઉપસ્થિત રહેનાર છે. ડીજીપી અને ઉચ્ચ અધિકારીઓને કચ્છના સફેદ રણ ખાતે ઘોરડો પહોંચવા બીએસએફના હેલિકોપ્ટરોની વ્યવસ્થા કરાઈ છે. કોન્ફરન્સ બાદ પણ ગુજરાત દર્શન કરવા ઈચ્છતા અધિકારીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હી બહાર બીજી વખત અને ગુજરાતનાં આગણે પ્રથમ વખત યોજાઈ રહેલી નેશનલ ડીજીપી મીટની તૈયારીઓને આખરી ઓપ અપાઈ ગયો છે. સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈ.બી.)ની ટીમે મંગળવારે સાંજ જ ટેન્ટ સિટીનો કમાન્ડ પોતાના હસ્તક લઈ લીધો હતો.

### દેવાળાગ્રસ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આમ આદમી પાર્ટીના આરોપ અણણાના આદર્શોની તિલાંજલિ પણ છે. સ્મૃતિએ કહ્યું હતુ કે, જેટલીના નેતૃત્વમાં કોઈપણ કૌભાંડ થયું નથી. ભાજપ અરુણ જેટલીની સાથે છે અને રહેશે. આમ આદમી પાર્ટીના આરોપ જેટલીને બદનામ કરવાના હેતુસર કરવામાં આવી રહ્યા છે. ગુરુવારના દિવસે આમ આદમી પાર્ટીએ પણ પત્રકાર પરિષદ યોજી હતી અને દિલ્હી સચિવાલયમાં દરોડા પાછળ નાણામંત્રી અરુણ જેટલીનો હાથ હોવાનો આક્ષેપ કર્યો હતો. છેલ્લા ૧૫ વર્ષમાં ડીડીસીએમાં જેટલીની સહમતીથી ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કરાયો હતો.


## કંપની સમાચાર

### કેફે કોફી ડે મેનમાં સુપર અદ્‌ભુત વળાંક

### કેફે કોફી ડે કપકેક્સ,સૂપ્સ અને ઘણી બધી શ્રેણી સાથે ખાદ્ય પ્રેમીઓને નવાઈ પામાડે છે

ભારતમાં કોફી સંસ્કૃતિમાં આગેવાની જાળવી રાખતાં કેફે કોફી ડે (સીસીડી)એ ખાદ્ય અને કોફી પ્રેમીઓ માટે વધુ ખુશી લઈને આવી છે. આ મોસમમાં સંપૂર્ણ નવું સુપર ટેસ્ટી સુપરમેનુ લઈને આવી છે, જેને નિશ્ચિત જ સ્વાદના શોખીનોને તૃપ્ત કરીને રહેશે. સુપરમેનુમાં કપકેક્સ, સૂપ્સ, સેન્ડવિચ અને બર્ગર્સની અમુક સ્વાદિષ્ટ વરાઈટી છે, જેમાં સીસીડીની સિગ્નેચર ઓલ-ડે અપીલ છે અને યુવાપૂર્ણ અહેસાસ આપે છે.

સુપર ફ્લેવરસમ મોજ ગાર્લિક બ્રેડના સાઈડ પોર્શન સાથે પીરસવામાં આવતા બે સ્લર્પી સૂપ પ્રકાર સાથે શરૂ થાય છે. ગરમાગરમ અને ક્રીમી મશરૂમ માર્વલ સૂપ, જે મિલ્ડ પેપર અને ડેરી ફોમની અદભુતતાથી સમૃદ્ધ છે. મેનુમાં વધુ એક સૂપ ટેન્ગી ટોમેટિના છે. જે જ્યુસી ટમેટોઝ અને સ્વીટ બેલ પેપરનું ફ્યુઝન મોંમાંથી પાણી લાવી દીધા વિના રહેતુ નથી. આ સ્વાદમાં ઉમેરો કરે છે કપકેક્સ - બેરી બાઈટ કપકેક અને કોકોઆ કપકેક ક્રીમ લશ સાથે સ્વર્લ્ડ સ્ટ્રોબેરી અને ચોકલેટ ફ્રોસ્ટિંગ સાથે આવે છે. આ મોજમાં ઉમેરો કરતા કેક્સ અને પેસ્ટ્રીઝની વ્યાપક શ્રેણીમાં હેઝલનટ કેરટ સેલિબ્રેશન કેક, પ્યોર ઈન્ડલ્જન્સ સેલિબ્રેશન કેક અને કોકોઆ ફેન્ટસી સ્લાઈસ કેકનો સમાવેશ થાય છે.

### ભારતમાં ન્યુ ઓડી Q7ની રજૂઆત

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપનીઓડીએ ભારતીય બજારમાં ન્યુ ઓડી Q7ની રજૂઆત કરી છે. ન્યુ ઓડી Q7 શકિતશાળી 45 TDI એન્જિન ધરાવે છે. જે 249 hp (183KW) જેટલો પાવર અને 600Nm જેટલો ટોર્ક ધરાવે છે. ન્યુ ઓડી Q7ની ચેસીસ નવી ડિઝાઈનની છે અને તેના મલ્ટી મટિરીયલ બોડીથી પરફોર્મન્સ અને કમ્ફર્ટ વધે છે તેના આગળનાં મોડેલો કરતા ન્યુ ઓડી Q7 325 કિગ્રા જેટલું ઓછું વજન ધરાવે છે. ન્યુ ઓડી Q7ની ખાસિયત એ છે કે તે માત્ર ૭.૧ સેકન્ડમાં પ્રતિ કલાક ૧૦૦ કિમીની ગતિ પકડી શકે છે અને તેની મહત્તમ ગતિ કલાકની ૨૩૪ કિમીની છે. ન્યુ ઓડી Q7 માં ૨૨.૭ ટકા બળતણ અસરકારકતામાં વૃધ્ધિ જોવા મળી છે. ન્યુ ઓડી Q7 બે વેરિયન્ટસમાં ઉપલબ્ધ છે. જેમાં ઓડી Q7 પ્રીમિયમ પ્લસ અને ઓડી Q7 ટેકનોલોજીનો સમાવેશ થાય છે. ન્યુ ઓડી Q7 પ્રીમિયમ પ્લસની કિંમત રૂ. ૭૨,૦૦,૦૦૦ અને ન્યુ ઓડી Q7 ટેકનોલોજીની કિંમત રૂ. ૭૭,૫૦,૦૦૦ (એકસ શો રૂમ મુંબઈ અને નવી દિલ્હી) છે.


### ધિરાણની રિકવરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાખવી રહી છે તે યોગ્ય નથી. તેમણે જણાવ્યું કે દત્તોપમ ઠેગડી યોજના અંતર્ગત અત્યંત નબળી કામગીરીએ લક્ષ્યાંક સિદ્ધિમાં કાળી ટીલી સમાન છે. વિકર સેક્શનમાં પણ ધિરાણ જે ઘટ્યુ છે તે ચિંતાનો વિષય છે. પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત હજુ ઘણી બધી કામગીરી કરવાની બાકી હોવાનું પણ જણાવી તેમણે પ્રધાનમંત્રીની સામાજિક સુરક્ષા યોજના તળે જે લોકોને આવરી લેવાના બાકી છે તે એક અભિયાનના રૂપે બેંકોએ કામગીરી કરવી જોઈએ.

તેમણે જણાવ્યુ હતુ કે કૃષિક્ષેત્રે પણ ધિરાણ વધે તેના પર ધ્યાન અપાવુ જોઈએ. ખાસ કરીને કિસાન ક્રેડીટ કાર્ડધારકોને રૂપે કાર્ડ અને એ.ટી.એમ.ની સુવિધા ઉપલબ્ધ થાય તે જરૂરી છે.

જિલ્લા કલેક્ટરે જિલ્લાના ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં આવેલ સુધારને જાળવી રાખવા માટેની કટિબદ્ધતાનો આગ્રહ કર્યો હતો. તેમણે જિલ્લામાં બેંકો દ્વારા કરાયેલા ધિરાણની રિકવરી અભિયાનમાં જિલ્લાતંત્ર પૂર્ણ સહકાર આપશે તેવી ખાત્રી પણ આપી હતી.

આજની આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભિમજીયાણી, દેના બેંકના ઝોનલ મેનેજર ચિત્રા કીર્તિવાસન, રિઝર્વ બેંકના પ્રતિનિધિ, નાબાર્ડના પ્રતિનિધિ શ્રી વિનોદ વિદ્યાર્થી, સ્ટેટ બેંકના મેનેજરશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગણ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારી અને વિવિધ બેંકોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### વિકાસ યોજના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન છે તે પણ સરકારને જણાવવાનું રહેશે. ખાસ કરીને પેયજળ, રસ્તા,ગટર,સફાઈ વ્યવસ્થા, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંકુલ, આંગણવાડીના મકાન સહિતના કામો આ ડેવલપમેન્ટ પ્લાનમાં સૂચવવાના રહેશે.

ડેવલપમેન્ટ પ્લાનમાં એક વર્ષમાં પૂર્ણ થઈ શકે તેવા જ કામો સૂચવવાના રહેશે તે અંગે પણ તાકીદ કરવામાં આવી છે. ૧૪મા નાણાંપંચનું આ પ્રથમ વર્ષ હોઈ સરકારે અત્યારથી જ વિકાસને અગ્રતા આપી હોઈ ગ્રામીણતંત્ર સ્વાવલંબી બને તેના પર પણ વિશેષ ભાર મુક્યો છે.

### કોલ્ડવેવ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોકારી ગયા છે. શ્રમજીવીઓને ઠંડીથી રક્ષણ પુરૂ પાડવા શહેરની સેવાકીય સંસ્થાઓ દ્વારા ગરમ કપડાનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૯.૨ ડીગ્રી રહ્યું હતું. જ્યારે ગઈકાલની સરખામણીએ ઠંડીના પ્રમાણમાં માત્ર ૧ ડીગ્રીનો ઘટાડો થયો હતો. જેના લીધે શહેરીજનોએ કોલ્ડવેવમાં આંશિક રાહત અનુભવી હતી.

### લશ્કરી છાવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. ટેન્ટ સિટી છાવણીમાં ફેરવાઈ ગયું છે. અહીં ડીજીપીની બેઠક યોજાનાર છે. ૧૮મીથી લઈને ૨૦મી સુધી સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. આ બેઠકમાં વડાપ્રધાન મોદી ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલ હાજર રહેનાર છે. પ્રથમ દિવસે જુદા જુદા કાર્યક્રમો છે. ૧૯મીએ દિવસની શરૂઆત યોગા સાથે થશે. સુરક્ષા પાસાઓના સંદર્ભમાં માહિતી આપતા ગુજરાત પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, સાવચેતીના તમામ પગલા લેવાયા છે. ગુજરાતના પોલીસ મહાનિદેશક પીસી ઠાકુર સ્થળની મુલાકાત લઈ ચુક્યા છે. ગુજરાતના ચીફ સેક્રેટરી જીઆર અલોરિયાની સાથે તેઓ પહોંચ્યા હતા અને તૈયારીની સમીક્ષા કરી હતી. આ બંને સ્થાનિક પોલીસ અધિકારીઓ અને બીએસએફ સાથે વાતચીત કરી ચુક્યા છે. ફુલપ્રુફ સુરક્ષા છત્રની વ્યવસ્થા કરાઈ છે. સુરક્ષા માટે ૧૫૦૦ પોલીસકર્મીઓ ઉપરાંત એસઆરપીની ચાર કંપની અને બીએસએફ, આર્મી અને નેવીની ટીમો પણ તહેનાત કરી દેવાઈ છે. કોન્ફરન્સમાં દેશની આંતરિક અને બ્રાહ્ય સુરક્ષા, વર્તમાન સમયના વૈશ્વિક આંતવાદ તથા દેશ સામે આ આંતકવાદી સંગઠોનોના જોખમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ડીજીપી મીટની તૈયારીઓ સાથે વડાપ્રધાન આગમનના બે દિવસ પહેલાથી જ ઘોરડો ખાતે પી.એમ. ઓફિસની કામગીરી પણ ચાલુ કરી દેવામાં આવશે.

### વસુલાત માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં મહેસુલી વેરાઓની વસુલાત પણ ઓછી થતાં તેની ગંભીર નોંધ લેવાઈ છે.

મળતા અહેવાલો પ્રમાણે વિકાસ કમિશનરશ્રીએ ઈ.ગ્રામની સેવાઓના સઘનીકરણ પર ગઈકાલની વિડીયો કોન્ફરન્સમાં ભાર મુક્યો હતો.

જિલ્લામાં વ્યવસાયવેરાની વસુલાત વધે તેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ માટેની દરખાસ્તો પણ સમયસર મોકલી આપવા સહિત વિવિધ વિકાસ યોજનાઓની સમીક્ષા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી.

### તન-દુરસ્તી (૪ પાનાનું ચાલુ...)

સગાઈ કરતા પહેલ કુટુંબમાં મેળ હોવો જરૂરી છે. એકબીજાને ગમતા હોવું જરૂરી છે. બંનેની લગ્નકુંડળી તો મળવી જ જોઈએ, એની ના નથી. પણ અગત્ય ની વાત એ છે કે ક અગત્યના લોહીના ટેસ્ટ કરાવી લેવા જોઈએ. અને તે પણ મળવા જોઈએ. જેમાં અગત્યનો લોહી ટેસ્ટ છે થેલેસિમિયા માટે...જેને HAEMOGLOBIN ELECTROPHORESIS કહેવાય .જેમાં ખાસ ફિટલ હિમોગ્લોબીન, HBa1 અને HBA2 ખાસ અગત્યના છે. જેના ઉપરથી લોહીના મોટા મોટા નિદાન થઈ શકે છે ટૂંકમાં લગ્ન પહેલા થેલેસિમિયાની તપાસ કરાવી લેવી જોઈએ.ખાસ સંતાનો માટે અને છતા પણ બે થેલેસિમિયા માઈનોર વાળા લગ્ન કરે તો વાંધો નથી પણ દીકરા-દીકરીને આ દુનિયા માં ના આવવા દેવા જોઈએ કેમ કે આવનારની જિંદગી તમારી હતાશાથી ભરેલી હશે.

આ સિવાય પણ બીજા અગત્યના ટેસ્ટ છે જેના વિશે આવતા અંકે વાત કરીશું

### છુપાવવા દરોડા...● અનુસંધાન પહેલાનું ચાલુ

આનો વિરોધ કર્યો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, એએપી એમ કહેવા માંગે છે કે, મુખ્યમંત્રીની ઓફિસ પર દરોડા ડીડીસીએ દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તિને રોકવાના હેતુસર પડાયા હતા.

પ્રમુખ તરીકે જ્યારે અરુણ જેટલી હતા ત્યારે ડીડીસીએ દ્વારા કરવામાં આવેલી કામગીરીને રોકવા આ દરોડા પડાયા હતા. પાર્ટીએ જેટલી અને અન્ય હોદ્દેદારો પર નાણાની ઉચાપતનો સીધો આક્ષેપ કર્યો હતો જે કરોડો રૂપિયામાં છે. અરુણ જેટલીએ પોતાના લાભ માટે ડીડીસીએનો ઉપયોગ કર્યો હતો અને ભ્રષ્ટાચારને છુપાવવાના પ્રયાસ કરાયા હતા. એએપીના નેતાએ આક્ષેપ કર્યો હતો કે, ડીડીસીએ કૌભાંડ ક્યારેય સાબિત થઈ શકશે નહીં. જો નાણામંત્રી તરીકે જેટલી ચાલુ રહેશે તો આ કૌભાંડ યથાવત રહેશે. ડીડીસીએ કૌભાંડ જેટલીના ટેકાથી જ કરાયું હતું. કુમાર વિશ્વાસે કહ્યું હતું કે, ફિરોઝશાહ કોટલા ક્રિકેટ સ્ટેડિયમના ફેર નિર્માણ મામલે ૫૭ કરોડની ઉચાપત કરવામાં આવી હતી. ૨૪ કરોડના ખર્ચે સ્ટેડિયમનું ફેરનિર્માણ કરવામાં આવનાર હતું જેની જગ્યાએ ૧૧૪ કરોડ રૂપિયા ખર્ચ કરાયા હતા. એન્જિનિયરિંગ પ્રોજેક્ટ ઈન્ડિયા લિમિટેડ જેણે સ્ટેડિયમ બનાવ્યું હતું તેને ૫૭ કરોડ ચુકવાયા હતા જ્યારે બાકીના ૫૭ કરોડ રૂપિયા ક્યા ગયા તે પ્રશ્ન છે.

### આમને-સામને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈપણ પ્રકારની હદ નહીં ધરાવતી વાતમાં તેઓ આક્ષેપો કરતા રહે છે. સ્વતંત્રતા ચોક્કસપણે મૂળભૂત અધિકાર તરીકે છે પરંતુ વાણી સ્વતંત્રતાનો મતલબ બિનજરૂરી આક્ષેપબાજી નથી. માત્ર ખોટી બાબતો રજૂ કરવાનો મતલબ પણ રહેતો નથી. જેટલીએ વધુમાં કહ્યું છે કે, કેજરીવાલ સીબીઆઈ દરોડાથી ધ્યાન અન્યત્ર કરવા માટે આવા આક્ષેપ કરી રહ્યા છે. ડીડીસીએના કૌભાંડના લીધે ભ્રષ્ટાચારની બાબત સપાટી ઉપર આવી છે. થોડાક દિવસ અગાઉ દિલ્હી સરકારના સેક્રેટરીની ઓફિસ પર સીબીઆઈના દરોડા પડ્યા હતા. લાંચ સ્વીકારતી વેળા રંગેહાથ ઝડપાઈ ગયા બાદ સેક્રેટરીની ધરપકડ પણ કરવામાં આવી હતી. હવે પ્રિન્સિપલ સેક્રેટરીની ઓફિસ પર દરોડા પાડવામાં આવ્યા છે. દિલ્હી સરકારે તમામ બાબતોની નોંધ લેવી જોઈએ. દિલ્હી સરકારે અગાઉની હિલચાલનું સ્વાગત કર્યું હતું. ચાર દિવસ પછી મુખ્યમંત્રીના વધુ એક અધિકારીના કથિત ગુના માટે તપાસ થઈ છે. મુખ્યમંત્રીએ બે જુદી જુદી અરજીઓ ઉઠાવી છે. જેટલીએ કહ્યું છે કે, દિલ્હીના મુખ્યમંત્રી દ્વારા વડાપ્રધાન સામે ઉપયોગ કરવામાં આવેલા શબ્દો મૂળભૂત ભાવના સાથે અને બંધારણ સાથે જોડાયેલા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, કેજરીવાલે વડાપ્રધાન મોદીને કાયર અને મનોરોગી તરીકે ગણાવ્યા હતા. કેજરીવાલને સમર્થન આપવા બદલ જેટલીએ પશ્ચિમ બંગાળ, બિહારના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને નીતિશકુમારની પણ ઝાટકણી કાઢી હતી.


## ટુંકી મુદતની જાહેર નિવિદા

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગરની કચેરી દ્વારા થતી રોજબરોજની કામગીરી માટે ઝેરોક્ષ અને સ્પાયરલ બાઈન્ડીંગના કામો માટે વાર્ષિક ભાવ કરાર કરવાના હેતુસર, રસ ધરાવતી ઈચ્છુક પાર્ટીઓ / સંસ્થાઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું નિયત ટેન્ડર ફોર્મ તા. ૩૧/૧૨/૨૦૧૫ સુધીમાં અત્રેની નેશનલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, બીજો માળ, ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર, ગવર્નમેન્ટ ઓફ ગુજરાત, જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કૉલેજ નજીક, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગરની કચેરીએથી કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ કલાકેથી ૪.૦૦ કલાક દરમિયાન અરજી સાથે "RCH : REPROD & CHILD HEALTH FLEXIBLE POOL"ના નામનો રૂ. ૫૦૦/- (રૂપિયા પાંચસો પુરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહિ ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૭/૧/૨૦૧૬ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ઉપરોક્ત સરનામે મોકલી આપવાના રહેશે.

સભ્ય સચિવ
(સ્ટેટ હેલ્થ સોસાયટી) અને
અધિક નિયામક (આરોગ્ય)
ગાંધીનગર

માહિતી/૨૦૫૬/૨૦૧૫-૧૬